**GUJARAT BILL NO. 26 OF 2023.**

# THE GUJARAT AGRICULTURAL PRODUCE AND MARKETING (PROMOTION AND FACILITATION) (AMENDMENT) BILL, 2023.

*A BILL*

*further to amend the Gujarat Agricultural Produce and Marketing (Promotion and Facilitation) Act, 1963.*

સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૬.

## ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) (સુધારા) વિધેયક, ૨૦૨૩.

ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજયના ચુંમોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, *રાજપત્ર*માં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૬૪નો ગુજરાતનો ૨૦મો.

સન ૧૯૬૪ના ગુજરાતના ૨૦મા અધિનિયમની કલમ ૮નો સુધારો.

૨. ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) અધિનિયમ, ૧૯૬૩ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ- ૮ને તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને આ રીતે ફરી નંબર આપેલી પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી :-

"(૨) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ અન્ય કોઈ રાજ્ય/ સંઘ રાજ્યક્ષેત્ર દ્વારા કાઢી આપવામાં આવેલું વેપાર લાઈસન્સધારક, આંતરરાજ્ય વેપારને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત રાજ્ય અને અન્ય રાજ્ય/ સંઘ રાજ્યક્ષેત્ર વચ્ચે થયેલી સમજૂતી યાદી (MoU)માં અથવા કરેલા એવા બીજા કોઈ ખતમાં સંમતિ આપેલી રીતે અને કાર્યરીતિ મુજબ ઈલેક્ટ્રોનિક રાષ્ટ્રીય કૃષિ બજાર (e-NAM) અથવા આ અધિનિયમ હેઠળ પરવાનગીપાત્ર હોય તેવા અન્ય કોઈ ઈ-પ્લેટફોર્મ મારફત કૃષિ (ખેત) ઉત્પન્નોની ખરીદી કરી શકશે. ".

સન ૧૯૬૪ના ગુજરાતના ૨૦મા અધિનિયમની કલમ ૧૧-નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧-માં,-

(૧) પેટા-કલમ (૧)માં,-

(ક) "ખંડ (૨)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(૨) "કલમ ૨૭ અથવા ૨૭-ક હેઠળ લાઈસન્સ ધરાવતા હોય તેવા અને-

(ક) ચૂંટણીના વર્ષના અગાઉના સતત ત્રણ નાણાકીય વર્ષ કરતા ઓછી ન હોય તેટલી મુદત માટે લાઈસન્સ ધરાવતા હોય અને ધરાવવાનું ચાલુ રાખ્યું હોય તેવા, અને;

(ખ) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના દરેક વર્ષમાં સંપૂર્ણ સુસંગત રીતે લાઈસન્સની બોલીઓ અને શરતો અનુસાર વેપાર કર્યો હોય અને ચૂંટણીના વર્ષે તે જ રીતે વેપાર કરવાનું ચાલુ રાખ્યું હોય તેવા:

પરંતુ-

(૧) તે એક વેપારી હોય તો, તેણે, ચૂંટણીના વર્ષના અગાઉના છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના દરેક વર્ષમાં, પચાસ હજાર રૂપિયાની ન્યૂનતમ બજાર ફી ચૂકવેલી હોય અને તેણે ચૂકવવાપાત્ર બજાર ફી વણચુકવાયેલી (રહી) ન હોય;

(૨) તે એક કમિશન એજન્ટ હોય તો, ચૂંટણી વર્ષના અગાઉના છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના દરેક વર્ષમાં, પચાસ હજાર રૂપિયાની ન્યૂનતમ બજાર ફી તેના મારફતે ચૂકવાયેલી હોય;

-તેવા કમિશન એજન્ટો અથવા યથાપ્રસંગ, વેપારીઓએ, તેમનામાંથી ઠરાવેલી રીતે ચૂંટવાના ચાર સભ્યો";

(ખ) ખંડ (૩)માં,

(૧) "બજાર વિસ્તારમાં આવેલી અને સામાન્ય લાઇસન્સ ધરાવતી" એ શબ્દોથી શરૂ થતા અને "ચૂંટવાના આવી મંડળીઓના બે પ્રતિનિધિઓ" એ શબ્દોથી પૂરા થતા ભાગને બદલે, નીચેનો ભાગ મૂકવો:-

"બજાર વિસ્તારમાં આવેલી અને સામાન્ય લાઇસન્સ ધરાવતી સહકારી ખરીદ-વેચાણ મંડળીઓ,-

(ક) જે પોતાના સંબંધિત ઉદ્દેશોને સુસંગત રહીને ધંધામાં રોકાયેલી હોય; અને

(ખ) જેણે, પોતાના છેલ્લા હિસાબોના ઓડિટમાં ક, ખ, અથવા યથાપ્રસંગ, ગ ઓડિટ વર્ગ મેળવેલ હોય; અને

(ગ) જેણે, અગાઉના છેલ્લા ત્રણ નાણાકીય વર્ષના દરેક વર્ષમાં બજાર ચોગાનમાં પોતાના કુલ સભ્યોના એક તૃતિયાંશ સભ્યો પાસેથી, ચૂંટણી વર્ષના ખેતીના ઉત્પન્નની ખરીદી અથવા વેચાણ કરેલ હોય; અને

(ઘ) જેણે, ચૂંટણી વર્ષના અગાઉના છેલ્લા ત્રણ નાણાકીય વર્ષોના દરેક વર્ષમાં ઓછામાં ઓછા પાંચ લાખ રૂપિયાનો ધંધો કર્યો હોય,

-તેવી ખરીદ-વેચાણ મંડળીઓની વ્યવસ્થા સમિતિઓના સભ્યોએ આવી મંડળીઓના (નામના, સહ અથવા સહાનુભૂતિ સભ્યો સિવાયના) સભ્યોમાંથી ચૂંટવાના આવી મંડળીઓના બે પ્રતિનિધિઓ";

(૨) બીજા પરંતુક પછી, નીચેનો પરંતુક ઉમેરવો:-

"વળી, વ્યક્તિગત ક્ષમતા અથવા મંડળીની પ્રતિનિધિ અથવા વેપારી અથવા કમિશન એજન્ટમાંની, મતદાર તરીકે પાત્ર હોય તેવી વ્યક્તિ, ઉપરના ખંડો (૧), (૨) અને (૩) હેઠળ ફક્ત એક જ વર્ગમાં અને એક જ મત આપી શકશે;";

(૨) પેટા-કલમ (૧ક) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી:-

"(૧ખ) ખાનગી બજાર ચોગાનના માલિકો, ખાનગી બજાર ચોગાનના સમિતિ સભ્યો અથવા નિયામક મંડળના સભ્યો અને તેમના કુટુંબના સભ્યો બજાર સમિતિઓની ચૂંટણી લડવા માટે પાત્ર થશે નહિ.

**સ્પષ્ટીકરણ.**- આ પેટા-કલમના હેતુઓ માટે "કુટુંબના સભ્યો" એ શબ્દપ્રયોગનો અર્થ પત્ની, પતિ, પિતા, માતા, દાદી, સાવકા-પિતા, સાવકી-માતા, પુત્ર, પુત્રી, સાવકો-પુત્ર, સાવકી-પુત્રી, પૌત્ર, પૌત્રી, ભાઈ, બહેન, સાવકો-ભાઈ, સાવકી-બહેન અને ભાઈ અથવા સાવકા-ભાઈની પત્ની એ પ્રમાણે થશે.".

## ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે ગુજરાત રાજ્યમાં ગુજરાત ખેત પેદાશો (કૃષિ ઉત્પન્નો)ના ખરીદ-વેચાણના નિયમન અને ખેત પેદાશો માટે બજારોની સ્થાપનાને લગતા કાયદાને એકત્ર કરવા અને તેમાં સુધારો કરવા માટે ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) અધિનિયમ, ૧૯૬૩ અધિનિયમિત કર્યો છે. તેમ છતાં, બજાર સમિતિઓનો વહીવટ અને સંચાલન સારી રીતે ચાલે અને હિસ્સેદારોના હિતોનું રક્ષણ થાય તે જોવા માટે, સદરહુ અધિનિયમમાં કેટલાક સુધારા કરવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

જગદીશ વિશ્વકર્મા,

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી, નીચેની બાબતોના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઈ કરી છે.

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, *રાજપત્ર*માં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૩. જગદીશ વિશ્વકર્મા.

# પુરવણી

## ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૨૦મા)માંથી ઉતારા.

લાઇસન્સ હેઠળ બજાર વિસ્તારમાં કામકાજ કરવા બાબત.

૮. કોઇ વ્યક્તિ, આ અધિનિયમ મુજબ આપેલાં લાઇસન્સની શરતો હેઠળ અને તે અનુસાર ઠરાવ્યું હોય તે સિવાય, બજાર વિસ્તારમાં અથવા તેના કોઇ ભાગમાં કામકાજ કરી શકશે નહિ.

બજાર સમિતિની રચના.

૧૧. (૧) દરેક બજાર સમિતિ નીચેના સભ્યોની બનશે:-

(૧) XXX XXX XXX

(૨) અગાઉના નાણાકીય વર્ષમાં લાઇસન્સની બોલીઓ અને શરતોને સુસંગત રહીને, જેમણે વેપાર કર્યો હોય અને જેમના દ્વારા ચૂકવવાપાત્ર ફી વણચુકવાયેલી રહેલી ન હોય તેવા કલમ ૨૭ અથવા ૨૭-ક હેઠળ જેનું લાઈસન્સ મંજૂર કર્યું હોય અથવા તાજું કર્યું હોય તેવા કમિશન એજન્ટ અથવા યથાપ્રસંગ, વેપારીઓએ પોતાનામાંથી ઠરાવેલી રીતે ચૂંટવાના ચાર સભ્યો;

(૩) બજાર વિસ્તારમાં આવેલી, સામાન્ય લાઇસન્સ ધરાવતી અને પોતાના સંબંધિત ઉદ્દેશોને સુસંગત રહીને, ધંધામાં રોકાયેલી, અને જેમના છેલ્લા હિસાબો, વર્ગ ક, ખ અથવા ગ-માં ઓડિટ કરાવેલા હોય તેવી સહકારી ખરીદ-વેચાણ મંડળીઓની વ્યવસ્થા સમિતિઓના સભ્યોએ આવી મંડળીઓના (નામના, સહ અથવા સહાનુભૂતિ સભ્યો સિવાયના) સભ્યોમાંથી ચૂંટવાના આવી મંડળીઓના બે પ્રતિનિધિઓ:

પરંતુ એવી રીતે આવેલી સહકારી ખરીદ-વેચાણ મંડળીઓની સંખ્યા બે કરતાં વધુ ન હોય, ત્યારે ફક્ત એકજ પ્રતિનિધિને એવી રીતે ચૂંટવો:

વધુમાં, ઉપરના ખંડો (૧), (૨) અને (૩) હેઠળ મતદાન કરવા તેમજ તેમના સંબંધિત વર્ગનું પ્રતિનિધિત્વ કરવા માટે, વ્યક્તિ, ઠરાવવામાં આવે તે રીતે રાજ્યની માત્ર કોઈ એક બજાર સમિતિના મતદાતા તરીકે પાત્ર રહેશે અને તે જ બજાર સમિતિનું પ્રતિનિધિત્વ કરવા પણ પાત્ર રહેશે અને રાજ્યની બીજી કોઈપણ બજાર સમિતિ માટે પાત્ર થશે નહિ;

(૪) અને (૫) XXX XXX XXX

(૨) થી (૫) XXX XXX XXX

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૬.]

ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી જગદીશ વિશ્વકર્મા,

રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી.]

(સન ૨૦૨૩ના સપ્ટેમ્બર મહિનાની ૧૧મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

-----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલાય, ગાંધીનગર.